આ પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ માર્ચ, ૨૦૦૫ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

સત્સંગ શિક્ષણ પરીક્ષા

## પૂર્વ કસોટી : સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૨

જાન્યુઆરી, ૨૦૦૫ | સમય : બપોરે ૨:૦૦ થી ૫:૦૦ | કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

### વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ

**પ્રશ્ન.૧. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કોઈપણ બે)** **(૬ ગુણ)**

૧. ‘‘આપના સાન્નિધ્યમાં રિદ્ધિ-સિદ્ધિ હાજર જ હોય ને !’’

૨. ‘‘કૂતરાને હડકારે તેમ એમને અમે હડકાર્યા છે.’’

૩. ‘‘તમારી આજ્ઞા લોપી વિમુખ થવા તૈયાર છું.’’

૪. ‘‘તો પછી હવે જય સચ્ચિદાનંદ.’’

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપી સમજાવો. (બારેક લીટીમાં)** **(૬ ગુણ)**

૧. મહિમાએ યુક્ત ભક્તિ કરે તે જ ભક્તિ નિર્વિઘ્ન રહે છે.

૨. રાજાભાઈએ ઘરબારનો ત્યાગ કર્યો.

૩. પરમ એકાંતિક સંત મોક્ષનું દ્વાર છે.

૪. અક્ષરબ્રહ્મ ચિરંજીવ છે.

**પ્રશ્ન.૩. નીચેના વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** **(૮ ગુણ)**

૧. કલ્યાણ **અથવા** માનસીપૂજાના પ્રકાર

૨. કૃપાનંદ સ્વામી **અથવા** સંત તીર્થ

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **(૬ ગુણ)**

૧. મુક્તાનંદ સ્વામીએ સૌથી પહેલાં શ્રેષ્ઠ કયા હરિભક્તને ગણાવ્યા ?

૨. કઈ ક્રિયા બંધનરૂપ થાય છે ?

૩. કૃપાનંદ સ્વામી શા માટે જ્ઞાની થવાનું કહેતા ?

૪. સપાર્ષદ ધ્યાન એટલે શું ?

૫. માનવ ક્યારે ભગવાનને ભૂલી જાય છે ?

૬. શાસ્ત્ર શેનો વિચાર આપે છે ?

**પ્રશ્ન.૫. નીચે આપેલ ‘સ્વામીની વાત’ પૂરી કરી તેનું નિરૂપણ લખો.** **(૫ ગુણ)**

કોઈ દુઃખ માનશો નહિ ......

**અથવા**

**નીચે આપેલ વચનામૃતનું નિરૂપણ લખો.**

ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૪મું

**પ્રશ્ન.૬. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** **(૫ ગુણ)**

**ટૂંકનોંધઃ- કૃપાનંદ સ્વામી**

**૧.** આ દેહે કરીને મારે તો ભગવાન ભજી લેવા છે. **૨.** નિશ્ચય અને માહાત્મ્યના અંગની ગ.અં. ૨૪માં મહારાજે કરેલી પ્રશંસા. **૩.** તમારા ગુરુજીને કોઈ વખત આમ થાય છે. **૪.** દ્વારિકાની યાત્રાએ જતાં ભુજમાં મહારાજ પાસે દીક્ષા લીધી. **૫.** પાંચસો સોનામહોરોની શિષ્યોમાં વહેંચણી કરી. **૬.** વૃત્તિ દ્વારા અખંડ મહારાજની સેવા કરે એવા અદ્વિતીય સંત. **૭.** જેની વાત કરવામાં આવો અદ્‌ભુત ઐશ્વર્ય પ્રતાપ જણાય છે. **૮.** ‘મહારાજ અંતર્યામી નથી એમ માનું ને હું કુસંગી થાઉં તો મહારાજને કહેવરાવું.’ તેવી ઉચ્ચ સમજણ. **૯.** લોજમાં મહારાજ પાસેથી સદાવ્રત લેતાં સમાધિ. **૧૦.** કોઈ રીતે પદાર્થે કરીને રાજી ન કરી શકાય.

**પ્રશ્ન.૭. નીચેની કોઈપણ બે પંક્તિ પૂર્ણ કરો.** **(૪ ગુણ)**

૧. પંચરંગી પુષ્પના ......................... શોભે ઘણેરાં.

૨. સ્વામિનારાયણ નામને ................................ તત્કાળ જાશે.

૩. કે'દિ દેશો મા સંસારી સુખ ......................... અહંકારી સ્વભાવ.

**પ્રશ્ન.૮. નીચેનામાંથી કોઈપણ બે ની પૂર્તિ કરો.** **(૪ ગુણ)**

૧. જનમંગલ નામાવલિમાંથી ખૂટતાં નામ પૂર્ણ કરો.

*कौलद्विषे नमः ....... भक्तिसम्पोषकाय नमः ।।*

૨. *कमार्त तस्कर* .............................. *शरणं प्रपद्ये* ॥

૩. *धर्मास्त्याज्यो न* .............................. *धार्मिको नीलकंठ* ॥

## વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી

**પ્રશ્ન.૯. નીચેના વિધાનો કોણ, કોને ને ક્યારે કહે છે તે લખો. (કોઈપણ બે)** **(૬ ગુણ)**

૧. ''પ્રભુ તો એક શ્રીજીમહારાજ છે. બીજા કોઈથી પ્રભુ થવાય નહિ.''

૨. ''આપની ઈચ્છા હોય તો લાવો હું જમી જાઉં.''

૩. ''સત્સંગી તમને શું ન અર્પણ કરે.''

૪. ''તમે મારી બહુ સેવા કરી.''

**પ્રશ્ન.૧૦. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (દસેક લીટીમાં)** **(૬ ગુણ)**

૧. સ્વામીની વાતોથી પંચવિષયનાં મૂળ કપાય છે.

૨. ગુણાતીતાનંદ સ્વામીએ દૂધ લેવાનું બંધ કર્યું.

૩. મૂળજી કાશી ભણવા ન ગયા.

૪. માવા-મુસાની કંપની જામી ગઈ.

**પ્રશ્ન.૧૧. નીચેના કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** **(૮ ગુણ)**

૧. સંતોને શિખામણ

૨. તુલસી દવેને સમાધિ

૩. વિરક્તિ

૪. અમદાવાદમાં સન્માન

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** **(૫ ગુણ)**

૧. ગુણાતીતાનંદ સ્વામીને મહારાજ બીજા કયા નામે બોલાવતા ?

૨. ખંભાતના નવાબ શાથી સ્વામીનાં દર્શને આવ્યા ?

૩. મૂળજી ભક્ત કયા સંબંધો હળવા કરી નિરંતર ઉદાસ રહેતા ?

૪. કૃપાનંદ સ્વામીને મહારાજ પ્રત્યે કેવું અંગ હતું ?

૫. ગુણાતીતાનંદ સ્વામીને શું જમતાં જોઈ નાગર ભક્ત નિઃસ્વાદી થયા ?

**પ્રશ્ન.૧૩. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** **(૪ ગુણ)**

૧. વૃત્તિનો નિરોધ

૨. નિર્માનિતા

૩. મહારાજ જામીન થયા.

૪. રંકમાંથી રાય

**પ્રશ્ન.૧૪. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** **(૬ ગુણ)**

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે, તો જ પૂર્ણ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીતાનંદ સ્વામી ઉપશમમાં ઊતરી ગયા.

(અ) વાસુદેવચરણ સ્વામીને શાશ્વત શાંતિનો અનુભવ થયો.

(બ) હે રાજા રહુગણ ! તું એકોવિદ છો.

(ક) વૃત્તિઓનો નિરોધ કરી અમને જોઈ રહો, તો ગ્રંથિઓ ગળી જાય અને વાસનાનો નાશ થાય.

(ડ) સર્વોપરી પુરુષોત્તમના સ્વરૂપનું અને અક્ષરના સ્વરૂપનું જ્ઞાન પાત્ર-કુપાત્ર જોયા વગર કહેવા જ માંડ્યું.

૨. મહારાજે કયાં કયાં સ્થળોએ ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ કરાવી ?

(અ) સુરત

(બ) સારંગપુર

(ક) અમદાવાદ

(ડ) પંચાળા

૩. ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી ટળેલા દોષો.

(અ) બ્રહ્મચારી ધર્મસ્વરૂપાનંદ

(બ) પીતાંબરદાસ

(ક) કેશવપ્રસાદજી મહારાજ

(ડ) કૃપાનંદ સ્વામી

**વિભાગ - ૩ : "સત્સંગ પરિચય" પરીક્ષાનાં પુસ્તકોના આધારે - છેલ્લી આવૃત્તિ**

**પ્રશ્ન.૧૫. નીચેના વિષયો ઉપર વીસ લીટીમાં વિવરણ લખો. (કોઈપણ ત્રણ)** **(૨૧ ગુણ)**

| | | |
|---|---|---|
| ૧. માણકીના અસવાર (સહજાનંદ ચરિત્ર) | **અથવા** | ગરીબનવાજ (સહજાનંદ ચરિત્ર) |
| ૨. કૃપાસાધ્ય શ્રીજીમહારાજ (સહજાનંદ ચરિત્ર) | **અથવા** | નિત્યાનંદ સ્વામીએ કરેલો શાસ્ત્રાર્થ (સ.વા. ભા.૨) |
| ૩. મૂળજી બ્રહ્મચારીની સેવાભક્તિ (સ.વા. ભા.૨) | **અથવા** | અયોધ્યાપ્રસાદજી મહારાજની આત્મનિષ્ઠા (સ.વા. ભા.૨) |
| ૪. મિત્રભાવ (કિ.સ.૫) | **અથવા** | મોટાં રામબાઈ (કિ.સ.૫) |
| ૫. લક્ષ્મીચંદ શેઠ (કિ.સ.૫) | **અથવા** | અમદાવાદમાં જ્ઞાનયજ્ઞ (પ્રાગજી ભક્ત) |
| ૬. સત્સંગમાં કુસંગ (પ્રાગજી ભક્ત) | **અથવા** | ભગતજીના સંતોને ઉપાધિ (પ્રાગજી ભક્ત) |

* * *

---

**અગત્યની નોંધ :-**

(૧) ઉપરોક્ત વિવરણોમાંથી (પ્ર.૧૫) કોઈપણ ત્રણ વિવરણ મુખ્ય પરીક્ષામાં પુછાશે.

(૨) મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલ પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર વર્ગસુપરવાઈઝર પાસેથી પોતાની જ વિગત દર્શાવતું સ્ટીકર પ્રાપ્ત કરીને પોતાની જ જવાબવહીના મુખ્ય પૃષ્ઠ ઉપર દર્શાવેલ જગ્યામાં ચોંટાડીને વર્ગસુપરવાઈઝરની સહી જવાબવહી ઉપર કરાવી લે. **વર્ગસુપરવાઈઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

(૩) પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા કાળી શ્યાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શ્યાહીથી લખેલ ઉત્તરો માન્ય ગણાશે નહીં.

(૪) દરેક મુખ્ય પ્રશ્નના જવાબનું લખાણ નવા પાનેથી જ શરૂ કરવું.